Accredited Grade "A" by NAAC(3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

જોડાણ વિભાગ,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૪ / ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭
ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in

નં જોડાણ/ ૫ / ૩૪ /૨૦૨૦ તા. ૦૭-૫-૨૦૨૦

તાત્કાલિક/સમયમર્યાદા

સંદર્ભ : (૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૭/૦૫/૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક : કરન/૨૦૨૦/૦૭૦૫૨૦૨૦/ખ-૨
(૨) અત્રેની યુનિવર્સિટીના તા.૦૭/૦૫/૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક : નં જોડાણ/૫/૨૯/૨૦૨૦
(૩) અત્રેની યુનિવર્સિટીના તા.૦૭/૦૫/૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક : નં પીજીટીઆર/૩/૧૦૨૧/૨૦૨૦

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યમાં હોસ્ટેલમાં અથવા પેઈંગ ગેસ્ટ (પીજી) તરીકે રહીને અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. હાલમાં પ્રવર્તમાન કોવિડ-૧૯ની મહામારીના સંક્રમણને નિયંત્રણમાં લાવવા માટે જાહેર કરવામાં આવેલ લોકડાઉનના કારણે ગુજરાત રાજ્યમાં આવા વિદ્યાર્થીઓ ફસાય ગયા છે. આવા વિદ્યાર્થીઓ જે કોલેજ/ભવન/સંસ્થામાં અભ્યાસ કરી રહ્યા છે તેઓને પોતાના વતનમાં મોકલવાની કામગીરી માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ભવનો/સંસ્થાઓ (પશ્ચિમ ઝોન) માટે શ્રી પી.પી. કોટક, આચાર્યશ્રી, સરકારી પોલીટેકનીક, રાજકોટની સંદર્ભ (૧) પરના પરિપત્રથી નિયુક્તિ કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત બાબત માટે સંદર્ભ (૨), (૩) પરના પરિપત્રથી અનુક્રમે કોલેજો/ભવનો પાસેથી વિગતો માંગવામાં આવેલ છે. જે પરત્વેનું સુધારેલ નિયત પત્રકમાં એક્સેલ સીટમાં માહિતી ફિલઅપ કરી Email ID : kotakp2003@yahoo.com પર તા.૦૮/૦૫/૨૦૨૦ના રોજ બપોરે ૦૩:૦૦ વાગ્યા સુધીમાં મોકલી આપવા તથા તેની નકલ કોલેજો/સંસ્થાઓ માટે Email ID : affiliation@sauuni.ac.in પર તથા ભવનો માટે Email ID : pgtr@sauuni.ac.in પર મોકલી આપવા નમ્ર વિનંતી છે.

**આ બાબત મહામારી સંબંધિત હોય, ટોચઅગ્રતા આપવા વિનંતી છે.**

કુલસચિવ

બિડાણ :-
(૧) સંદર્ભ ૧
(૨) નિયત પત્રક - એક્સેલ સીટ

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ  કોલેજોના આચાર્યશ્રીઓ
- યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ
- માન્ય સંસ્થાઓના વડાઓ

નકલ સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-**

૧. શ્રી પી.પી. કોટક, આચાર્યશ્રી, સરકારી પોલીટેકનીક, રાજકોટ

૨. પીજીટીઆર વિભાગ.

૩. કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે ...)